# માલપુરના અંધ ક્રિકેટરની વ્હારે આવતા પૂર્વ મંત્રી દિનશા પટેલ

## દિનશા પટેલના ટ્રસ્ટ દ્વારા અંધ ક્રિકેટરને ૨૫,૦૦૦ હજારનો ચેક અપાયો

મોડાસા, તા.૧૧

અંધજન વિશ્વકપ ક્રિકેટમાં ભારતનું નામ સમગ્ર વિશ્વમાં ઉજાગર કરવામાં જેનો સિંહ ફાળો છે તેવા અરવલ્લી જીલ્લાના માલપુર તાલુકાના પીપરાણાના મુવાડા ગામના અંધ ક્રિકેટરની દયનીય હાલતના સમાચારો પ્રિસદ્ધ થયા બાદ પણ સરકારી તંત્ર હજુ પણ આ ક્રિકેટરને સહાય કે મદદ પહોંચાડવામાં આળસુ જ પુરવાર થયુ છે. ત્યારે કોંગ્રેસી અગ્રણી દિનશા પટેલ ટ્રસ્ટે ૨૫ હજાર રૂપિયાની મદદનો ચેક આપી ઉદાહરણ પુરુ પાડયુ હતુ.

માલપુર તાલુકાના પીપરાણાના મુવાડા ગામના અંધ ક્રિકેટર ભલાજી ડામોરના પરિવારને મદદ કરવા દિનશા પટેલના ટ્રસ્ટે રુપીયા ૨૫ હજારનો ચેક આપવાનો નિર્ણય કરી આ ચેક મોડાસાના ધારાસભ્ય રાજુભાઈ ઠાકોર, પ્રદેશ



(તસવીર : સમીર બલોચ, મોડાસા)

મહામંત્રી અરુણભાઈ પટેલ અને નારણભાઈ પટેલ તેમજ સુરેન્દ્રિસંહ રાઠોડ સહિત કોંગ્રેસના અગ્રણીઓની હાજરીમાં ભલાજીને સુપ્રત કરવામાં આવ્યો હતો. રાજય સરકાર દ્વારા આ ક્રિકેટરને આજદીન સુધી મદદ મળી નથી. ત્યારે કોગ્રેસી અગ્રણીએ કરેલી આ પહેલ ખરેખર આવકારવાલાયક છે.

ભારતના રત્ન કહી શકાય એવા અંધ ક્રિકેટર ભલાજીને મદદ કરવાની તત્પરતા દર્શાવનાર કોંગ્રેસના પુર્વ મંત્રી દિનશા પટેલના ટ્રસ્ટે રુપીયા ૨૫ હજારનો ચેક ભલાજીને સુપ્રત કરાતા તેનો પરિવાર ગદ્ગદિત બની ગયો હતો. ત્યારે સરકાર પણ રાજયના રત્ન સમાન ક્રિકેટરના જીવનનિર્વાહ માટે સહાય પુરી પાડે તે અનિવાર્ય છે.

# રાજપુરમાં સ્વાસ્થ્ય જનજાગૃતિ કાર્યક્રમ યોજાયો

મોડાસા, તા. ૧૨

ભારત સરકારના સુચના અને પ્રસારણ મંત્રાલયના ક્ષેત્રીય પ્રચાર કાર્યાલય પાલનપુર તેમજ જિલ્લા આરોગ્ય કચેરી સાબરકાંઠાના સંયુક્ત ઉપક્રમે રાજપુર ખાતે સ્વાસ્થ્ય જન જાગૃતિ કાર્યક્રમ યોજાયો. સ્વાસ્થ્ય જાગૃતીના મુળ ઉદ્દેશ સાથે આયોજીત આ કાર્યક્રમની શરૂઆત જન જાગૃતી રેલી સાથે કરવામાં આવી હતી. રેલી બાદ રાજપુર છાત્રાલયના પટાંગણમાં તાલુકા આરોગ્ય કચેરી વિજયનગર દ્વારા મેડીકલ કેમ્પ આઈ.સી.ડી.એસ. વિજયનગર દ્વારા વાનગી હરીફાઈ, ચિત્ર પ્રદર્શની આયોજન કરવામાં આવ્યુ. સભામંડપમાં આયોજીત પરીસંવાદમાં સરકારની વિવિધ સ્વાસ્થ્ય યોજનાઓની માહિતી તાલુકા આરોગ્ય અધિકારી મામલતદાર તાલુકા વિકાસ અધિકારી દ્વારા આપવામાં આવી હતી.

# શામળાજીના રૂદરડી પાસે કારમાંથી ૧.૫૩ લાખનો વિદેશી દારૂ ઝડપાયો

શામળાજી, તા. ૧૨

ગાંધીનગર પોલીસ મહાનિરીક્ષક સૂચનાના અન્વયે અરવલ્લી જિલ્લામાં ચાલતા દારૂના અડ્ડાઓ અને વિદેશી દારૂની હેરાફેરી



અટકાવવા અરવલ્લી જિલ્લા પોલીસને સૂચના આપતા અરવલ્લી જિલ્લા પોલીસે કડક કાર્યવાહિ હાથ ધરતાં અરવલ્લી જિલ્લા એલસીબી પોલીસે શામળાજી નજીક આવેલા રૂદરડી ગામ નજીકથી મારૂતિ ઈરટીગા કારમાંથી ૧૫૩૩૦૦નો વિદેશી દારૂ ઝડપી પાડ્યો હતો. કારચાલક સહિત અન્ય એક ઈસમને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

અરવલ્લી જિલ્લા એલસીબી પોલીસે બુધવારે સવારે શામળાજી-ગોધરા રાજ્ય ધોરીમાર્ગ પર રાજસ્થાન તરફથી આવતા વાહનોનું સઘન ચેકિંગ હાથ ધર્યુ હતું. શામળાજી નજીક આવેલા રૂદરડી ગામની સીમમાં અરવલ્લી જિલ્લા એલસીબી પોલીસે નાકાબંધી કરી વાહનોનું ચેકિંગ હાથ ધરતા રાજસ્થાન તરફથી આવતી મારૂતિ ઈરટીગા કાર (નં. જીજે.૯. બીસી૪૧૧૫)નો ચાલક નાકાબંધીના લીધે ઈરટીગા કાર મુકીને ફરાર થઈ ગયો હતો. એલસીબી પોલીસ ઈરટીગા કારની તલાશી લેતા કારની અંદર વિદેશી દારૂ અને બિયરની ૨૩ નંગ પેટી અને ગાડીના પાછળના ભાગે ખુલ્લી વિદેશી દારૂની બોટલો અને બીયરના ટીન મળી કુલ ૭૨૯ નંગ જેની કિંમત રૂ. ૧,૫૩,૩૦૦ તેમજ ઈરટીગા કારની કિંમત રૂ. ૫,૦૦૦૦૦ મળી કુલ ૬,૫૩,૩૦૦નો મુદ્દામાલ ઝડપી પાડી પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી ફરાર કારચાલક અને તેને ગેરકાયદેસર વગર પાસ પરમીટનો વિદેશી દારૂ ગુજરાત રાજયમાં ઘુસાડવાના ગુન્હા હેઠળ મદદ કરનાર અન્ય શખ્સને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

(તસવીર : ધ્રુવ પ્રણામી, શામળાજી)

# દાંતીવાડામાં બીએસએફના જવાનોએ પરિવાર સાથે વૃક્ષારોપણ કર્યુ

પાલનપુર, તા. ૧૦

બનાસકાંઠા જિલ્લાના દાંતીવાડા મુકામે આવેલ બીએસએફ કેમ્પસમાં બીએસએફના ઉચ્ચ કરવામાં અધિકારીશ્રીઓ, ૩૦૦ જવાનો, બીએસએફ પરિવારના સભ્યો તથા વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક વૃક્ષારોપણ કર્યુ છે. કમાન્ડન્ટ શ્રી નાગ્રાએ કહ્યું કે આ પ્રમાણે આગળ પણ રક્ષણ કરવા સાથે પર્યાવરણને જાળવવા વૃક્ષ ઉછેર જેવી કામગીરી પણ કરે છે.

દાંતીવાડા મુકામે વરસાદી સુંદર માહોલમાં બીએસએફના





અધિકારીશ્રીઓ, સુરક્ષા જવાનો, તેમના પરિવારજનો અને વિદ્યાર્થીઓ દ્વારા બીએસએફની ગોલ્ડન જ્યુબિલી ઉજવણી પ્રસંગે ૧૪,૨૦૦ રોપાઓનું વૃક્ષારોપણ કરાયું હતું. આ પ્રસંગે કમાન્ડન્ટ પરમજીતસિંહ નાગ્રાએ જણાવ્યું કે બીએસએફની ગોલ્ડન જ્યુબિલી ઉજવણી પ્રસંગે અત્રે ૩ બટાલિયનો દ્વારા ૧૪,૨૦૦ રોપાઓનું વૃક્ષારોપણ કરવામાં આવ્યું છે. તેમણે જણાવ્યું કે વૃક્ષારોપણ વૃક્ષનો ઉછેર કરીશું.

આ પ્રસંગે ડીસીજી શ્રી રાજેન્દ્રસિંગે જણાવ્યું કે ગત વર્ષે બી.એસ.એફ. દ્વારા સવારે ૧૦ થી ૧૦.૩૦ વાગ્યા દરમ્યાન ૧૦ લાખ રોપાઓનું વૃક્ષારોપણ કરી લિમ્કા બુક ઓફ રેકોર્ડ્સમાં રેકોર્ડ બનાવવામાં આવ્યો હતો. તેમણે કહ્યું કે આ વર્ષે બીએસએફ દ્વારા ૧૨ લાખ રોપાઓનું વૃક્ષારોપણ કરી નવો રેકોર્ડ બનાવવામાં આવશે. તેમણે કહ્યું કે બી.એસ.એફ. દેશની સીમાઓનું વિશાળ કેમ્પસમાં ૧૧૫, ૫ અને ૯૪ નંબરની બટાલીયનોના અધિકારીશ્રીઓ, જવાનો, તેમના પરિવારજનો અને વિદ્યાર્થીઓએ આનંદ અને ઉત્સાહ સાથે શઆનદાર શિસ્તભર્યા માહોલમાં વૃક્ષારોપણ કર્યું હતું. આ પ્રસંગે ડે. કમાન્ડન્ટ સર્વશ્રી ડી.એસ. કુશવાહ અને શ્રી એન.કે. તિવારી સહીત અધિકારીઓ, જવાનો તથા સારી સંખ્યામાં તેમના પરિવારજનો ઉપસ્થિત રહ્યા હતા.

# અરવલ્લીમાં ભારે વરસાદને પગલે ૮૫૬ મકાનોને નુકસાન

## સૌથી વધુ ભિલોડામાં ૫૪૨ મકાનો ક્ષતિગ્રસ્ત

મોડાસા, તા. ૧૨

અરવલ્લી જિલ્લામાં ગત જુલાઈ માસમાં મેઘરાજાએ તોફાની ઈનિંગ ખેલી હતી. વરસાદ અને વાવાઝોડાને લીધે જિલ્લાભરમાં વ્યાપક નુકશાન થવા પામ્યું હતું. જેમાં જિલ્લામાં ૮૫૬ મકાનોને અતિભારે નુકસાન તેમજ ૧૫૦ જેટલા વૃક્ષો ધરાશાયી થવા પામ્યા હતા. જે જિલ્લા પંચાયતના સર્વેમાં બહાર આવ્યું છે.

અરવલ્લી સહિત રાજ્યભરમાં જુલાઈના અંતિમ અઠવાડિયામાં મેઘરાજાએ ભારે ધબધબાટી બોલાવી હતી. સતત પાંચ દિવસ ખાબકેલા વરસાદ અને વાવાઝોડાએ અરવલ્લીમાં ભારે નુકસાન સર્જ્યુ હતુ.

અરવલ્લીમાં થયેલી તારાજીના સર્વેની કામગીરી ડી.ડી.ઓ. સુધીર પટેલના માર્ગદર્શન હેઠળ હાથ ધરવામાં આવી હતી.

જિલ્લાના મેઘરજ, મોડાસા, ભિલોડા, માલપુર, મેઘરજ, ધનસુરા અને બાયડ તાલુકામાં અનેક વિસ્તારમાં કાચા મકાનો જમીનદોસ્ત થઈ ગયા હતા. વરસાદી વાવાઝોડાના પગલે થયેલા વ્યાપક નુકસાનમાં ભિલોડામાં તેની ભારે અસર થઈ હતી.

અરવલ્લી જિલ્લા પંચાયત દ્વારા તાત્કાલિક ધોરણે સર્વેની કામગીરી હાથ ધરાઈ હતી. કામગીરી પૂર્ણ થતાં આગામી સમયમાં મકાનોની નુકસાની પ્રમાણે સહાય ચૂકવવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.



# ડીસામાં ડૉ. આંબેડકરની પ્રતિમા પાસે કેમેરા મુકવા માટે નાયબ કલેક્ટરને આવેદનપત્ર અપાયું

ડીસા, તા. ૧૨

રાજકોટ-ભાવનગર રોડ પર ત્રંબા ગામ નજીક ડૉ. બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાને કોઈ અસામાજીક તત્વો ખંડીત કરતાં ચકચાર મચી ગઈ હતી અને લોકોની લાગણી દુભાતા આવુ કૃત્ય અન્ય જગ્યાએ ન બને તે માટે ડીસામાં એરપોર્ટ ચાર રસ્તા પર આવેલ ડૉ. બાબાસાહેબ આંબેડકરની પ્રતિમા પાસે સી.સી. ટી.વી. કેમેરા મુકવામાં આવે તે માટે એકતા મંચ દ્વારા નાયબ કલેક્ટરને આવેદનપત્ર આપ્યું હતું.

ડીસાના એરપોર્ટ ચાર રસ્તા પર આવેલ ડૉ. બાબા સાહેબ આંબેડકરની પ્રતિમા પાસે સી.સી. ટી.વી. કેમેરા મુકવા માટે ડૉ. બાબા સાહેબ આંબેડકર એકતા મંચ દ્વારા નાયબ કલેક્ટર ડૉ. દિગંત બ્રહ્મભટ્ટને આવેદનપત્ર આપ્યું હતું. જ્યારે રાજકોટ-ભાવનગર રોડ પર ત્રંબા ગામ નજીક ડૉ. બાબા સાહેબ આંબેડકરની પ્રતિમાને કોઈ અસામાજીક તત્વો ખંડીત કરનાર તત્વો સામે કડકમાં કડક પગલાં ભરે તેવી માંગણી કરી હતી. આ પ્રસંગે અશ્વિનભાઈ પરમાર, મુકેશભાઈ સોલંકી, પ્રકાશચંદ્ર ભરતીયા, દીપકભાઈ પટેલ, જગદીશભાઈ મોદી, દિવ્યા પંચાલ અને ડૉ. બાબા સાહેબ આંબેડકર એકતા મંચના સભ્યો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# પાટીદાર અનામત મુદ્દે ભિલોડા મામલતદારને આવેદનપત્ર અપાયું

ભિલોડા,સુનોખ,તા.૧૨

અરવલ્લી જીલ્લાના ભિલોડામાં પાટીદાર સમાજના અગ્રણીઓ ધ્વારા અનામત સંદર્ભે મામલતદાર કચેરીમાં મામલતદારને રાજેન્દ્રભાઈ પટેલ, વિજયભાઈ પટેલ સહિત વિવિધ ગામના પાટીદાર સમાજના અગ્રણીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

અરવલ્લી જીલ્લા સહિત



(તસ્વીર : જીત ત્રિવેદી, ભિલોડા)

આવેદનપત્ર અપાયું હતું. આ પ્રસંગે અરવલ્લી પાટીદાર સેનાના અગ્રણીઓ, આગેવાનો, રોહિતભાઈ પટેલ, જગદીશભાઈ પટેલ, ભુપેન્દ્રભાઈ પટેલ, મયંકભાઈ પટેલ, ભિલોડા તાલુકાના પાટીદાર સમાજના અગ્રણી આગેવાનો વાલજીભાઈ પટેલ, અમરતભાઈ પટેલ, બિપીનભાઈ પટેલ, ધવલભાઈ પટેલ, અતુલભાઈ પટેલ, હેમંતભાઈ પટેલ, ભિલોડા તાલુકાના પાટીદાર સમાજના અગ્રણીઓ અને અરવલ્લી પાટીદાર સેના ધ્વારા અરવલ્લી જીલ્લાના મોડાસામાં તા.૧૯/૮/૨૦૧૫ ને બુધવારના રોજ વિશાળ રેલી કાઢવામાં આવશે અને ભિલોડા તાલુકાના પાટીદાર સમાજના અગ્રણીઓ મોટી સંખ્યામાં રેલીમાં જોડાઈ જશે તેમ પાટીદાર સમાજના અગ્રણીઓએ જણાવ્યું હતું.

# બનાસકાંઠાના પૂરગ્રસ્તોને ૫૫.૩૫ કરોડની સહાય ચુકવાઈ

## જિલ્લાના તમામ ગામોમાં વીજળી અને પાણી પુરવઠો શરૂ કરી દેવાયો

પાલનપુર, તા. ૧૨

થોડાક દિવસો પહેલા ભારે વરસાદની કુદરતી આપત્તિથી અસરગ્રસ્ત બનેલા બનાસકાંઠા જિલ્લામાં જનજીવન રાબેતા મુજબ બનાવવા માટે કલેક્ટરશ્રી દિલીપ રાણાની સુચના અને માર્ગદર્શન અનુસાર વહીવટીતંત્ર દ્વારા વ્યાપક પ્રયાસો હાથ ધરવામાં આવતાં પરિસ્થિતિ હવે પૂર્વવત નોર્મલ બનાવી શકાઈ છે. જિલ્લાના તમામ ગામોમાં વીજળી અને પાણી પુરવઠો શરૂ કરી દેવાયો છે. જિલ્લાના પૂર અસરગ્રસ્તોને સરકારશ્રી દ્વારા ૧૧ ઓગષ્ટ સુધીમાં કુલ રૂ. ૫૫.૩૫ કરોડની વિવિધ સહાય ચુકવવામાં આવી છે.

અત્યાર સુધીમાં જિલ્લાના ૪,૮૫,૨૭૦ પૂર અસરગ્રસ્તોને રૂ. ૨૬,૧૧,૪૧,૯૨૫ કેશડોલ્સ સહાય, ૩૮૪૯૭ અસરગ્રસ્ત કુટુંબોને રૂ. ૨૬,૭૩,૧૨,૪૦૦ની ઘરવખરી સહાય, મૃત્યુ પામનાર ૪૭ નાગરિકોના વારસદારોને રૂ. ૧.૩૬ કરોડ મૃત્યુ સહાય તથા રૂ. ૧,૧૪,૭૫,૯૨૫ સંપૂર્ન નાશ પામેલ અને અંશત નાશ પામેલ મકાનોની સહાય ચુકવવામાં આવી છે.

એસ.ટી. બસોની મોટા ભાગની ટ્રીપો શરૂ કરી દેવામાં આવી છે. પૂરથી ૨૧૩ રસ્તાઓને નુકશાન થયું હતું તે પૈકી ૨૧૧ રસ્તાઓને સંપૂર્ણ રિપેર કરવામાં આવ્યા છે જ્યારે ૨ રસ્તાઓના રિપેરીંગની કામગીરી ચાલુ છે. આ કુદરતી આપત્તિમાં જિલ્લામાં કુલ ૪૧,૩૩૧ પશુઓના મૃત્યુ થયા છે જે તમામ મૃત પશુઓને જમીનમાં દાટવામાં આવ્યા છે. રોગચાળાની સ્થિતિ ન સર્જાય તે માટે સંખ્યાબંધ ટીમોના માણસો સફાઈ અને જંતુનાશક દવા છંટકાવની કામગીરી કરી રહ્યા છે. સફાઈ માટે પુરતા જે.સી.બી. મશીનો, ટ્રેક્ટરો અને ડમ્પરોનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે.

# પાટીદાર સેનાએ અનામતની માંગ સાથે માલપુર મામલતદારને આવેદનપત્ર આપ્યું

મોડાસા, તા. ૧૨

સમગ્ર ગુજરાત રાજ્યમાં હાલ પાટીદારો દ્વારા અનામતનો લાભ લેવા માટે આંદોલન કરવામાં આવી રહ્યાં છે. રાજ્યના અનેક સ્થળોએ પાટીદાર સમાજ દ્વારા અનામતની માંગ સાથે રેલીનું આયોજન કરવામાં આવ્યા છે. ત્યારે અરવલ્લી જિલ્લામાં પાટીદાર સમાજે અનામતની માંગ સાથે બાયડમાં વિશાળ રેલી કાઢવામાં આવી હતી. આજે જિલ્લાના માલપુર તાલુકાના પાટીદારોએ ૧૦,૦૦૦ પાટીદારોની સહીઓ સાથે અનામતની માંગ રાજ્ય સરકાર સુધી પહોંચાડવા માલપુર મામલતદારને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.

અરવલ્લી પાટીદાર સેનાના ઉપક્રમે માલપુર તાલુકાના પાટીદારો દ્વારા પાટીદારોને અનામતનો લાભ આપવા અથવા અનામત પ્રથા નાબુદ કરવાની માંગ સાથે માલપુર તાલુકાના ૧૦,૦૦૦ પાટીદારોની સહીઓ સાથેનું આવેદનપત્ર અરવલ્લી જિલ્લા પાટીદાર સેનાના કન્વીનર દિલીપ પટેલ અને જિલ્લાના પાટીદાર સમાજના અગ્રણીઓને સાથે રાખી માલપુર તાલુકાના યુવા પાટીદાર



આગેવાન રજનીકાન્ત પટેલ, વિઠ્ઠલભાઈ પટેલ, રાજુભાઈ સહિત આશરે ૧૫૦થી વધુ પાટીદાર સમાજના આગેવાનોએ માલપુર મામલતદારને આવેદનપત્ર આપી પાટીદાર સમાજની લાગણીઓને રાજ્ય સરકાર સુધી પહોંચાડવા અપીલ કરવામાં આવી હતી.

અરવલ્લી જિલ્લા પાટીદાર સેનાના કન્વીનરે જણાવ્યું હતું કે સમગ્ર ગુજરાત રાજ્યમાં પાટીદાર સમાજને અન્યાય થઈ રહ્યો છે ત્યારે અનામતની માંગ સાથે ૧૯ ઓગષ્ટે જિલ્લામાં યોજાનાર પાટીદાર અનામત રેલીમાં માલપુર તાલુકાના પાટીદારો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેશે. અનામતની માંગ પ્રબળ બનતા માલપુર તાલુકાના પાટીદારો જિલ્લામાં યોજાનાર રેલીમાં જોડાવવા તત્પર બન્યાની સાથે કોઈ પણ ભોગે અનામત મેળવીને જ જંપીશુ તેવું જણાવ્યું હતું.

(તસવીર : જય અમીન, મોડાસા)

# લાંબડીયામાંથી બે ઊંટવૈદ્ય ઝડપાયા

ખેડબ્રહ્મા, તા. ૧૨

સાબરકાંઠા જિલ્લાના અંતરીયાળ વિસ્તારોમાં ઘણા સમયથી અનેક બોગસ ડોક્ટરો દવાખાનાના નામે હાટડીઓ ખોલી પ્રજાના આરોગ્ય સાથે ચેડા કરી રહ્યા છે. જે અંતર્ગત મંગળવારે જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા લાંબડીયામાં રેડ પાડીને ડીગ્રી વગરના પ્રેક્ટીસ કરતા બે ઊંટવૈદ્યોને ઝડપી પાડ્યા હતા અને તેમની વિરૂદ્ધ ખેરોજ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવતા પોલીસે કાર્યવાહી હાથ ધરી હતી.

પોશીના અને લાંબડીયાના અંતરીયાળ વિસ્તારોમાં વર્ષોથી વગર ડીગ્રીએ પ્રેક્ટીસ કરતા ડોક્ટરોએ દવાખાના ખોલી જરૂરીયાતવાળા લોકો પાસેથી અઢળક ફી લઈ રહ્યા છે જ્યારે સ્થિતિ નાજુક જણાય ત્યારે તેમને ખેડબ્રહ્મા ડોક્ટર પાસે ધકેલી મુકે છે. જેના કારણે પ્રજા છેતરાય છે. જે અંગે આરોગ્યતંત્ર આંખ આડા કાન કરી રહ્યું છે.

મંગળવારે લાંબડીયા ગામે આરોગ્ય વિભાગના ડો. હરીશ યાદવ, ડો. હિતેશ પટેલ અને ડો. ભાવેશ પરમારે રેડ પાડીને લાંબડીયામાં પ્રેક્ટીસ કરતા સાચોરા ફકીર મહંમદ જાનમહંમદ અને સોની ચંપકલાલ મુળચંદને પકડી પાડ્યા હતા. તેમની વિરૂદ્ધ ખેરોજ પોલીસસ્ટેશનમાં કલમ ૩૦ હેઠળ ફરીયાદ નોંધાવી હતી.

આરોગ્ય વિભાગે દરોડો પાડી બેને પકડી સંતોષ માન્યો હતો. પરંતુ વધુ કાર્યવાહી કરવામાં આવે તો આવા મોટા પ્રમાણમાં બોગસ ડોક્ટરો મળી આવે તેમ છે.

# જીનેડાની યુવતિ સાથે બળાત્કાર

## રાજ્યના અલગ અલગ સ્થળે ફેરવીને બળાત્કાર કર્યો : ૧૩ જેટલા શખ્સો સામે ફરિયાદ નોંધાઈ : લગ્ન કરવાના ઈરાદે બળાત્કાર ગુજાર્યો

મોડાસા, તા. ૧૨

મોડાસા તાલુકાના જીનેડાની એક યુવતીને લગ્ન કરવાના ઈરાદે ભગાડી જઈને બળાત્કાર ગુજારતાં કુલ ધનસુરા ફેરવીને તેણીની મરજી વિરૂદ્ધ બળાત્કાર ગુજાર્યો હતો. યુવાનના આ ગુનામાં મદદગારી કરનાર ૧૨ જેટલા અન્ય શખ્સો સંડોવાયેલા



૧૩ શખ્સો સામે ગુનો નોંધાયો છે. મોડાસા ટાઉનપોલીસે ફરાર શખ્સોની ધરપકડના ચક્રો ગતિમાન કર્યા છે.

મોડાસા ટાઉન પોલીસ સુત્રો દ્વારા પ્રાપ્ત માહિતી મુજબ મોડાસાના જીનોડા ગામની એક યુવતીને જીનેડાનો પ્રકાશ આલુસિંહએ નોકરી અપાવવાની લાલચ આપીને લગ્ન કરવાના ઈરાદે અપહરણ કરી રાજકોટ, રાપુર, અમદાવાદ, હોવાથી પ્રકાશ આલુસિંહ સિવાય દેવગણ આલુસિંહ, ગુલાબ જોધસિંહ, ભીખુસિંહ જવાનસિંહ, બળવંત કુબેરસિંહ, મનિષસિંહ દિપસિંહ, સતિષ દિવાસિંહ, અરવિંદ હિરાસિંહ, બહેવર જોધસિંહ, કુબેરસિંહ જવાનસિંહ સહિતના ૧૨ શખ્સો સામે ગુનો નોંધાતા ટાઉન પી.આઈ. કનુભાઈ ચૌધરીએ વધુ તપાસ હાથ ધરી છે.